# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૧/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# ચેમ્બર દ્વારા 'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર એમએસએમઇ પોસ્ટ કોવિડ– ૧૯ સિચ્યુએશન' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે સાંજે ૫:૦૦ કલાકે 'ચેલેન્જીસ એન્ડ ઓપોર્ચ્યુનિટીઝ ફોર એમએસએમઇ પોસ્ટ કોવિડ– ૧૯ સિચ્યુએશન' વિષય ઉપર વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મુખ્ય મહેમાન તરીકે ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ એમએસએમઇના સ્પેશિયલ સેક્રેટરી એન્ડ ડેવલપમેન્ટ કમિશનર શ્રી રામ મોહન મિશ્રા (આઇએએસ), અતિથિ વિશેષ તરીકે ગુજરાતના એમએસએમઇ કમિશનર શ્રી રણજીથ કુમાર જે (આઇએએસ) તથા અતિથિ તરીકે ભારત સરકાર અંતર્ગત ગુજરાતની એમએસએમઇ ડેવલપમેન્ટ ઇન્સ્ટીટ્યુટના એકટીગ ડાયરેકટર શ્રી કે.એચ. શાહ અને ડેપ્યુટી ડાયરેકટર શ્રી પી.એન. સોલંકી ઉપસ્થિત રહયા હતા.

આ વેબીનારમાં એમએસએમઇના ઉચ્ચ કક્ષાના અધિકારીઓએ કોરોનાની સ્થિતિમાંથી બહાર નીકળ્યા બાદ લઘુ ઉદ્યોગોને ફરીથી બેઠા થવા માટે પડનારી મુશ્કેલીઓ અને તેના નિવારણ માટે તેમજ તેમના માટે ઉભી થતી નવી તકો વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યુ હતુ. સાથે જ હાલમાં ઉદ્યોગકારોને પડી રહેલી આર્થિક મુશ્કેલીઓના નિરાકરણ માટે પણ સરકારશ્રીનું ધ્યાન દોરવાની ખાતરી આપી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ જણાવ્યુ હતુ કે, કોરોનાની પરિસ્થિતિમાંથી બહાર નીકળ્યા બાદ ભારતમાં નાના – નાના ઉદ્યોગોને ફરીથી બેઠા થવા માટે ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આથી આ પ્રશ્નોના નિરાકરણ માટે એમએસએમઇના ઉચ્ચ અધિકારીઓ પાસેથી માર્ગદર્શન મેળવવા માટે આજના વેબીનારનું આયોજન કરવામાં આવ્યુ છે.

ચેમ્બરના તત્કાલિન નિવૃત્ત પ્રમુખ શ્રી હેતલ મહેતાએ જણાવ્યુ હતુ કે, ભારતનું અર્થતંત્ર મોટાભાગે લઘુ ઉદ્યોગો ઉપર જ નિર્ભર છે એમ કહી શકાય. પણ હાલની સ્થિતિમાંથી બહાર નીકળ્યા બાદ આગળ શું થશે તેના માટે ઉદ્યોગ ચિંતામાં છે. બે–ત્રણ વર્ષથી એમએસએમઇની સ્થિતિમાં જોઇએ તે રીતે સુધારો આવ્યો નથી. કોરોનાને કારણે લેબર વર્ગ, માર્કેટીંગ, પ્રોડકટ ડેવલપમેન્ટ અને ફાયનાન્સ વિગેરે બાબતે મુશ્કેલીઓ સર્જાશે.

શ્રી રણજીથ કુમારે જણાવ્યુ હતુ કે, કોરોના સંકટમાંથી બહાર નીકળ્યા બાદ માત્ર ઉદ્યોગોને જ નહીં પણ સરકારને પણ તકલીફ પડવાની છે. લઘુ ઉદ્યોગોને ફરીથી બેઠા કરવા માટે એમએસએમઇની સ્પેશિયલ સ્કીમને બહાર પાડવી પડશે. નવી ટેકનોલોજીને કારણે માસ પ્રોડકશન કરવુ પડશે અને આ બધું કોમન ફેસિલિટી સેન્ટરના માધ્યમથી શકય બનશે. તેમણે વધુમાં કહયુ કે ઇ–કોમર્સનું ભવિષ્ય ઉજજવળ બનશે. વિડિયો કોન્ફરન્સ, ઓટોનોમસ, રેડીકયુલસ, ડિજીટલ પેમેન્ટ્સ અને ૩ડી પ્રિન્ટીંગ ટેકનોલોજી ઉપર વધારે ફોકસ કરવામાં આવશે. લઘુ ઉદ્યોગોની પ્રગતિ માટે ટેકનોલોજી ટ્રાન્સફર ખૂબ જ મહત્વનું બની રહેશે.

શ્રી રામ મોહન મિશ્રાએ સૌપ્રથમ ચેમ્બરને વેબીનાર માટે શુભેચ્છા આપી હતી. તેમણે સરકાર તરફથી જે ઇનીશિએટીવ લેવામાં આવ્યા છે તેની માહિતી આપતા જણાવ્યુ હતુ કે બધાને સંગઠીત થઇને ઉદ્યોગોની મુશ્કેલીને નિવારવી પડશે. લોજીસ્ટીક, ફાયનાન્સ, માર્કેટ સ્થિતિ અને લેબર વર્ગને પરત લાવવા માટે રાજયોને વિનંતી કરવામાં આવશે. દેશભરમાં ઝોનવાઇઝ અને સ્ટેટવાઇઝ લીડ લઇ કો–ઓર્ડીનેટ કરવા માટેની જવાબદારી લેવી પડશે. રાષ્ટ્રીય સ્તર ઉપર ડયુલઅ નેટવર્ક ઉભુ કરવુ પડશે. સરકારી સંગઠન, રાજકીય સંગઠન, ઔદ્યોગિક સંગઠનોના સભ્યો અને એસોસિએશનોને સૂચનાઓનું આદાન – પ્રદાન કરવુ પડશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, ખાસ કરીને લેબર ફોર્સને પરત લાવવા માટે ખૂબ જ મહેનત કરવી પડશે. નાના–નાના વિડિયો બનાવી વોટ્સએપના માધ્યમથી એસોસિએશન તેમજ વોલીએન્ટરોની મદદથી તેઓ સુધી પહોંચાડવામાં આવશે અને તેઓને કામધંધા ઉપર પરત લાવવા માટે પ્રયાસ કરવો પડશે. એના માટે નેટવર્કના માધ્યમથી બધાને સંગઠીત કરી લેબર વર્ગને આઉટરીચ કરવાનો પ્રોગ્રામ કરવો પડશે.

શ્રી મિશ્રાએ વધુમાં કહયુ કે, ગ્લોબલ વેલ્યુ ચેઇનમાં ઘણા ડિસ્રપ્શન થયા છે. આગામી સમયમાં બજાર ખુલશે ત્યારે નવી ટેકનોલોજીની જરૂર પડશે. એના માટે આપણે સૌને પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશિપથી આગળ વધવુ પડશે. આ દિશામાં કામ કરીશુ તો જ માઇક્રો લેવલના સંકટમાંથી બહાર આવી શકીશું તેમજ કલસ્ટર, માર્કેટીંગ અને પ્રોડકટ ડેવલપમેન્ટના પ્રશ્નો દૂર થશે. એના માટે સરકાર અને વિભાગો હંમેશા ઉદ્યોગોની સાથે જ રહેશે.

શ્રી પી.એન. સોલંકીએ જણાવ્યુ હતુ કે, પ્રોડકટ સ્પેસિફીક કલસ્ટર બનાવવા માટે એમએસએમઇની સ્કીમનો લાભ લઇને આ બધુ શકય બની શકશે. વર્ક ટુગેધરના કોન્સેપ્ટ સાથે કામ કરીશુ તો આપણી પ્રોડકટને આંતરરાષ્ટ્રીય કક્ષાની બનાવીને ગ્લોબલ માર્કેટમાં મુકી શકીશું. ટેક્ષ્ટાઇલ ઇન્ડસ્ટ્રીમાં વિવર્સ અને પ્રોસેસર્સ માટે સ્પેશિયલ સ્કીમ લાવવા માટે પ્રયાસ કરીશુ તેમજ એમએસએમઇના રજિસ્ટ્રેશન માટે ગાઇડલાઇન આપવા સુરતમાં ખાસ ટીમ ડેપ્યુટ કરીશું તેમ જણાવ્યુ હતુ.

વેબીનારમાં ઉદ્યોગકારો દ્વારા અસંખ્ય સવાલો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા. જેવા કે લઘુ ઉદ્યોગો માટે સૌથી મોટો મુદ્દો ફાયનાન્સનો છે. આથી સરકારે વર્કીંગ કેપીટલ, કરન્ટ લોન, જીએસટીના પ્રશ્નો, પ્રોફેશનલ ટેક્ષ અને ઇલેકટ્રીસિટીમાં ઉદ્યોગોને રાહત આપવી પડશે વિગેરે મુદ્દાઓ અધિકારીઓ સમક્ષ રજૂ કરવામાં

આવ્યા હતા. એમએસએમઇ પીએસયુને ૪૫ દિવસમાં પેમેન્ટ કરવામાં આવે છે તેને હાલના સંજોગોને ધ્યાનમાં રાખીને તુરંત જ પેમેન્ટ કરવા આદેશ આપવા માટે અધિકારીઓને અનુરોધ કરવામાં આવ્યો હતો. હાલ વિપુલ પ્રમાણમાં માસ્ક અને સેનીટાઇઝર બનાવવામાં આવી રહયુ છે તેના વેચાણ માટે ગુજરાત સ્ટેટ મેડીકલ સર્વિસિસ કોર્પોરેશન લિમિટેડનો સંપર્ક સાધવા અધિકારીઓએ ઉદ્યોગકારોને સૂચન કર્યુ હતુ. તદુપરાંત લઘુ ઉદ્યોગોના આર્થિક પ્રશ્નોના નિરાકરણ માટે તેઓને ફંડ આપી એક વર્ષ માટે મોરેટોરિયમ પિરિયડ આપી શકાય કે કેમ તે અંગે પણ પ્રયાસ કરવાની ખાતરી અધિકારીઓએ આપી હતી.

આ વેબીનારમાં સુરત ઉપરાંત દેશભરના વિવિધ શહેરો જેવા કે આંધ્રપ્રદેશ, તેલંગાણા, બેંગ્લોર, નવી દિલ્હી, મુંબઇ, પૂણે, નાસિક, અમદાવાદ, વડોદરા, નવસારી અને વાપી શહેરના ઉદ્યોગકારોએ ભાગ લીધો હતો. અધિકારીઓએ ઉદ્યોગકારોના વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. વેબીનારમાં ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરની એમએસએમઇ સેકટર કમિટીના ચેરમેન શ્રી પંકજ ત્રિવેદીએ સર્વેનો આભાર માન્યો હતો અને ત્યારબાદ વેબીનારનું સમાપન થયુ હતુ.